
# ચારધામ યાત્રા
# ૨૦૨૫





ગુજરાતી / પંજાબી / કાઠીયાવાડી
રાજસ્થાની મહારાજ દ્વારા
બનાવેલ શુધ્ધ ભોજન





**૫ અશ્વમેઘ કોમ્પ્લેક્સ, મીઠાખળી અંડર બ્રિજ પાસે, નવરંગપુરા, અમદાવાદ – ૩૮૦૦૦૯**
**ઓફિસ ☎+૯૧ – ૭૯ – ૨૬૪૪૩૨૧૪ અથવા ✆ મોબાઇલ (ડાઇરેક્ટ) +૯૧ – ૯૮૯૮૩૯૩૨૨૧**

# ૨ હરિદ્વાર I ૨ બારકોટ I ૨ ઉત્તરકાશી
# ૧ કેદારનાથ I  ૨ ગુપ્તકાશી I ૨ પીપલકોટિ

**૧૧ રાત્રિ**
**૧૨ દિવસ**

અમદાવાદ થી ઉપડવાની તારીખ **૭ મે / ૧૮ મે / ૨૯ મે**

| દી. | તારીખ | દૈનિક પ્રોગ્રામ | રાત્રી રોકાણ |
|---|---|---|---|
| ૧ | | **દિલ્હી - હરીદ્વાર** :સવારે દિલ્હી થી હરિદ્વાર જવા રવાના.હરિદ્વાર આગમન સાંજે હરિદ્વારમાં હર-કી-પૌડીના ઘાટ પર સ્નાન - આરતી - દર્શન કરીને હોટલ પર પરત.(નોંધ : રેલ્વે સ્ટેશન અથવા એરપોર્ટ પ્રવાસીની સંખ્યા મુજબ એક સમય (One Time) પીકઅપ ની વ્યવસ્થા આપવામાં આવશે) | હરિદ્વાર |
| ૨ | | **હરિદ્વાર - શ્યાનાચટ્ટી / બરકોટ** : સવારે હરિદ્વાર થી શ્યાનાચટ્ટી જવા માટે રવાના, શ્યાનાચટ્ટી આગમન. | શ્યાનાચટ્ટી / બરકોટ |
| ૩ | | **શ્યાનાચટ્ટી - યમનોત્રી** :સવારે શ્યાનાચટ્ટી થી જાનકીચટ્ટી જવા રવાના, જાનકીચટ્ટી થી ચાલતા અથવા (સ્વખર્ચે) ઘોડા - ડોલી દ્વારા ૬/૭ કિમી ઉપર યમનોત્રી જવા પ્રયાણ,શ્રી યમનોત્રીજીના દર્શન અને પૂજા, સમયની અનુકૂળતા મુજબ સ્નાન કરીને નીચે જાનકીચટ્ટી પરત,ત્યારબાદ શ્યાનાચટ્ટી જવા રવાના. | શ્યાનાચટ્ટી / બરકોટ |
| ૪ | | **શ્યાનાચટ્ટી - ઉત્તરકાશી** : શ્યાનાચટ્ટી થી ઉત્તરકાશી જવા માટે રવાના,ઉત્તરકાશી માં શ્રી કાશી વિશ્વનાથ મહાદેવના દર્શન. આરામ | ઉત્તરકાશી |
| ૫ | | **ઉત્તરકાશી - ગંગોત્રી** : સવારે ઉત્તરકાશી થી ગંગોત્રી જવા માટે રવાના. શ્રી ગંગોત્રીજી ના દર્શન પૂજા કરી ને ઉત્તરકાશી પરત.રસ્તામાં ગંગનાની ગરમ પાણીના કુંડ આવેલા છે જ્યાં સમયની અનુકૂળતા મુજબ સ્નાન | ઉત્તરકાશી |
| ૬ | | **ઉત્તરકાશી - ગુપ્તકાશી/સીતાપુર** : સવારે ઉત્તરકાશીથી ગુપ્તકાશી/સીતાપુર જવા માટે રવાના, રસ્તામાં રૂદ્રપ્રયાગમાં રોડ ઉપરથી અલકનંદા અને મંદાકિની નદીના સંગમ દર્શન ગુપ્તકાશી/સીતાપુર આગમન. | ગુપ્તકાશી/સીતાપુર |
| ૭ | | **ગુપ્તકાશી - કેદારનાથ** : વહેલી સવારે ગુપ્તકાશી / સીતાપુર થી સોનપ્રયાગ જવા રવાના, અહીંથી લોકલ વાહન દ્વારા (સ્વખર્ચે)ગૌરીકુંડ આગમન. ગૌરીકુંડ ૧૯ કિમી ઉપર ચાલતા અથવા (સ્વખર્ચે) ઘોડા - ડોલી દ્વારા બાર જ્યોતિર્લિંગમાંના એક એવા શ્રી કેદારનાથ જવા પ્રયાણ. શ્રી કેદારનાથજીના દર્શન બાદ આરામ ( નોંધ : કેદારનાથમાં કોમન બેડીગ(ડોરમેટ્રી) પાંચથી વધારે વ્યક્તિ વચ્ચે રહેશે.) | કેદારનાથ |
| ૮ | | **કેદારનાથ - ગુપ્તકાશી** : સવારે કેદારનાથ થી પરત ગૌરીકુંડ / સોનપ્રયાગ આગમન.સીતાપુર/ગુપ્તકાશી જવા રવાના.આરામ સ્વેચ્છા વિહાર(સીતાપુરથી હોટલ ઉપર પ્રવાસીએ સ્વખર્ચે પહોંચવાનું રહેશે.) | ગુપ્તકાશી/સીતાપુર |
| ૯ | | **ગુપ્તકાશી / સીતાપુર - પીપલકોટી** : સવારે ગુપ્તકાશી થી પીપલકોટી જવા રવાના | પીપલકોટી |
| ૧૦ | | **પીપલકોટી** વહેલી સવારે ચા નાસ્તા બાદ પીપલકોટી થી બદ્રીનાથ જવા રવાના શ્રી બદ્રીનારાયણ ભગવાનના દર્શન બાદ સમયની અનુકૂળતા મુજબ (માના ગામ )ની મુલાકાત ત્યારબાદ પીપલકોટી / રુદ્રપ્રયાગ જવા રવાના | પીપલકોટી |
| ૧૧ | | **પીપલકોટી - હરિદ્વાર**: સવારે પીપલકોટી થી હરિદ્વાર જવા રવાના.રસ્તામાં ઋષીકેશ સાઈટસીન(સ્વખર્ચે) મોડી સાંજે હરિદ્વાર આગમન. આરામ /સ્વેચ્છા વિહાર | હરિદ્વાર |
| ૧૨ | | **હરિદ્વાર - દિલ્હી** : હરિદ્વાર થી દિલ્હી રેલ્વે સ્ટેશન જવા રવાના. (નોંધ : રેલ્વે સ્ટેશન અથવા એરપોર્ટ પ્રવાસીની સંખ્યા મુજબ એક સમય (One Time) ડ્રોપ ની વ્યવસ્થા આપવામાં આવશે) | શુભ પ્રવાસ પૂર્ણ. |

5



# વ્યક્તિ દીઠ કિંમત

## વિકલ્પ ૧ : સુપર ડીલક્સ હોટેલ્સ સાથે

### પ્રતિ વ્યક્તિ કિંમત (૨X૨ બસ / ટેમ્પો પ્રવાસીઓ)

| EX હરિદ્વારથી હરિદ્વાર | EX દિલ્હીથી દિલ્હી | EX અમદાવાદ 3AC રાજધાની ટિકિટ" |
|---|---|---|
| **૪ શેરિંગ** | **૪ શેરિંગ** | **૪ શેરિંગ** |
| (2 વધારાની મેટ્રેસ સાથે ૧ ડબલ બેડ)<br>પ્રતિ વ્યક્તિ" ₹ ૨૯,૪૯૯ "<br>ચાર શેરિંગ પર ૧ રૂમ | (2 વધારાની મેટ્રેસ સાથે ૧ ડબલ બેડ)<br>પ્રતિ વ્યક્તિ" ₹ ૩૧,૪૯૯ "<br>ચાર શેરિંગ પર ૧ રૂમ | (2 વધારાની મેટ્રેસ સાથે ૧ ડબલ બેડ)<br>પ્રતિ વ્યક્તિ" ₹ ૩૫,૪૯૯<br>ચાર શેરિંગ પર ૧ રૂમ |
| **3 શેરિંગ રૂમ** | **3 શેરિંગ રૂમ** | **3 શેરિંગ રૂમ** |
| (૧ વધારાની મેટ્રેસ સાથે ૧ ડબલ બેડ)<br>પ્રતિ વ્યક્તિ" ₹ ૩૧,૪૯૯<br>ત્રણ શેરિંગ પર ૧ રૂમ | ( ૧ ડબલ બેડ ૨ વધારાની ગાદલા સાથે)<br>પ્રતિ વ્યક્તિ" ₹ ૩૩,૪૯૯<br>ત્રણ શેરિંગ પર ૧ રૂમ | (૨ વધારાની ગાદલા સાથે ૧ ડબલ બેડ)<br>પ્રતિ વ્યક્તિ" ₹ ૩૭,૪૯૯<br>ત્રણ શેરિંગ પર ૧ રૂમ |
| **૨ શેરિંગ રૂમ** | **૨ શેરિંગ રૂમ** | **૨ શેરિંગ રૂમ** |
| પ્રતિ વ્યક્તિ ₹ ૩૩,૪૯૯<br>ડબલ શેરિંગ પર ૧ રૂમ | પ્રતિ વ્યક્તિ ₹ ૩૫,૪૯૯<br>ડબલ શેરિંગ પર ૧ રૂમ | પ્રતિ વ્યક્તિ ₹ ૩૯,૪૯૯<br>ડબલ શેરિંગ પર ૧ રૂમ |

## વિકલ્પ ૨ : ડીલક્સ હોટેલ્સ સાથે

### પ્રતિ વ્યક્તિ કિંમત (૨X૨ બસ / ટેમ્પો પ્રવાસીઓ)

| EX HARIDWAR TO HARIDWAR | EX DELHI TO DELHI | EX AHMEDABAD 3 AC Rajdhani Ticket |
|---|---|---|
| **૪ શેરિંગ** | **૪ શેરિંગ** | **૪ શેરિંગ** |
| (2 વધારાની મેટ્રેસ સાથે ૧ ડબલ બેડ)<br>પ્રતિ વ્યક્તિ" ₹ ૨૭,૪૯૯<br>ચાર શેરિંગ પર ૧ રૂમ | (2 વધારાની મેટ્રેસ સાથે ૧ ડબલ બેડ)<br>પ્રતિ વ્યક્તિ" ₹ ૨૯,૪૯૯<br>ચાર શેરિંગ પર ૧ રૂમ | (2 વધારાની મેટ્રેસ સાથે ૧ ડબલ બેડ)<br>પ્રતિ વ્યક્તિ" ₹ ૩૩,૪૯૯<br>ચાર શેરિંગ પર ૧ રૂમ |
| **3 શેરિંગ રૂમ** | **3 શેરિંગ રૂમ** | **3 શેરિંગ રૂમ** |
| (૧ વધારાની મેટ્રેસ સાથે ૧ ડબલ બેડ)<br>પ્રતિ વ્યક્તિ" ₹ ૨૯,૪૯૯<br>ત્રણ શેરિંગ પર ૧ રૂમ | (૧ વધારાની મેટ્રેસ સાથે ૧ ડબલ બેડ)<br>પ્રતિ વ્યક્તિ ₹ ૩૧,૪૯૯<br>ત્રણ શેરિંગ પર ૧ રૂમ | (૧ વધારાની મેટ્રેસ સાથે ૧ ડબલ બેડ)<br>₹ ૩૫,૪૯૯ પ્રતિ વ્યક્તિ<br>ત્રણ શેરિંગ પર ૧ રૂમ |
| **૨ શેરિંગ રૂમ** | **૨ શેરિંગ રૂમ** | **૨ શેરિંગ રૂમ** |
| પ્રતિ વ્યક્તિ ₹ ૩૧,૪૯૯<br>ડબલ શેરિંગ પર ૧ રૂમ | પ્રતિ વ્યક્તિ ₹ ૩૩,૪૯૯<br>ડબલ શેરિંગ પર ૧ રૂમ | પ્રતિ વ્યક્તિ ₹ ૩૭,૪૯૯<br>ડબલ શેરિંગ પર ૧ રૂમ |

# ચારધામ યાત્રાની
## સામાન્ય માહિતી અને નિયમો

- ચારધામ યાત્રા એટલે " દોડ ધામ યાત્રા " સમજીને જ યાત્રામાં જોડાવું.
- ચારધામ પ્રવાસમાં દિલ્હી - હરિદ્વાર - દિલ્હી કોમન પીકઅપ / ડ્રોપ ની વ્યવસ્થા આપવામાં આવશે.
- ચારધામ યાત્રામાં હરિદ્વાર થી હરિદ્વાર નોન એ.સી ટ્રાન્સપોર્ટેશનની વ્યવસ્થા આપવામાં આવશે
- ચારધામ યાત્રા દરમિયાન રાત્રી રોકાણ રહેઠાણની જગ્યામાં ફેરફાર થવાની (શક્યતા) સંભાવના રહેલ છે
- કેદારનાથ માં રાત્રી રોકાણ દરમિયાન કોમન શેરીંગ (ડોરમેટ્રી) મુજબ રહેઠાણ વ્યવસ્થા આપવામાં આવશે (૫ થી વધારે વ્યક્તિ વચ્ચે રહેશે.)
- કેદારનાથ માં રાત્રી ભોજન અને સવારે ચા નાસ્તા જ્યાં રહેઠાણ વ્યવસ્થા આપેલ હશે તેના મેનું મુજબ આપવામાં આવશે.
- કેદારનાથ રાત્રી રોકાણના દિવસે વરસાદ , લેન્ડ સ્લાઈડીંગ , બરફ (સ્નોફોલ) અથવા અન્ય કોઈ જ પણ કારણસર જો પ્રવાસી કેદારનાથ ઉપર રાત્રી રોકાણ નહીં કરી શકે તેવા સંજોગોમાં યાત્રી કે (સ્વમેળે / સ્વખર્ચે ) રહેઠાણ વ્યવસ્થા કરવાની રહેશે.
- જે યાત્રીક હેલીકોપ્ટર દ્વારા કેદારનાથ દર્શને માટે જવા તથા આવવાના હશે તે યાત્રીક એ (સ્વમેળે / સ્વખર્ચે ) જવા આવવાનું રહેશે.
- ઉતરાખંડ ચારધામ યાત્રા કરતા યાત્રીક / પ્રવાસીઓ માટે ઉત્તરાખંડ સરકાર / ઉત્તરાખંડ યાત્રાધામ બોર્ડ દ્વારા આપેલી વેબસાઈટ https //registrationandtouristcare.uk.gov.in પરથી યાત્રીક / પ્રવાસીએ જાતે જ રજીસ્ટ્રેશન કરવાનું રહેશે.રજીસ્ટ્રેશન થઇ ગયા બાદ પ્રિન્ટ યાત્રા દરમિયાન સાથે રાખવી જરૂર છે.
- રેલ્વે રિઝર્વેશન માટે જે સમયે પ્રવાસી બુકિંગ કરાયેલું હશે ત્યારે જે રેલ્વે ટિકિટ નું રિઝર્વેશન પોઝીશન (સ્ટેટસ) હશે તે જ પ્રવાસી એ માન્ય રાખવાનું રહેશે.
- ચારધામ યાત્રામાં ડિલક્ષ હોટલ માં રહેઠાણ વ્યવસ્થા આપવામાં આવશે.
- ચારધામ યાત્રામાં શક્ય હોય ત્યાં સુધી (લગેજ)સામાન ઓછા લાવવા વિનંતી કારણ કે સામાન ઉતારવા ચડાવા તથા વાહન ટ્રાન્સપોર્ટેશન ની ડેકી અને ઉપર કેરિયર નાના હોવાથી બેગો મૂકવામાં બહુ જ મુશ્કેલી પડે છે.
- નોન એ.સી વાહન વ્યવસ્થા
- ચારધામ યાત્રા / પ્રવાસ દરમ્યાન યાત્રીક/ પ્રવાસીએ રોટેશન સિસ્ટમ મુજબ બેસવાનું રહેશે. જેના માટે ચાલુ પ્રવાસે તકરાર / દલિલ કરવી નહિ.
- ચારધામ યાત્રા દરમિયાન બે થી ત્રણ (વખતે) ફૂડ પેકેટ આપવામાં આવશે.
- ચારધામ યાત્રા દરમિયાન હોટલમાં ન્હાવાનો રૂમાલ (ટુવાલ)વ્યવસ્થા **હોતી નથી તે પ્રવાસીએ પોતાના વાપરવાના રહેશે.**
- W/L OR RAC રેલ્વે ટીકીટ કન્ફર્મ થવાની જવાબદારી કંપનીની રહેશે નહીં.
- Flight Seats Subject To Availability.
- Flight Ticket non Refundable & non Transferable
- The Company is not Responsible if The Flight Cancelled or Reschedule
- T& C Apply




૫ અશ્વમેઘ કોમ્પ્લેક્સ, મીઠાખળી અંડર બ્રિજ પાસે, નવરંગપુરા, અમદાવાદ – ૩૮૦૦૦૯
ઓફિસ ☎ +૯૧ – ૭૯ – ૨૬૪૪૩૨૧૪ અથવા ✆ મોબાઇલ (ડાઇરેક્ટ) +૯૧ – ૯૮૯૮૩૯૩૨૨૧

# પ્રવાસ નિયમો - શરતો અને સૂચનો

**રેલ્વે વ્યવસ્થા (સ્વખર્ચે) :**

પ્રવાસના ટિકિટના દરમાં રેલ્વે / એર ભાડાનો સમાવેશ કરવામાં આવેલ નથી. રેલ્વે/એર ટિકિટની વ્યવસ્થા પ્રવાસીએ જાતે કરવાની છે. રેલ્વે અંગેની કોઇપણ પ્રકારની જવાબદારી પ્રવાસ આયોજકની નથી. આ અંગે યોગ્ય માર્ગદર્શન અપાશે. રેલ્વે નિયમોનુસાર રેલ્વે ટિકિટોનું રિઝર્વેશન ૬૦ દિવસ અગાઉ ( ઉપડવાની તારીખ સિવાય ) થાય છે. તેથી પ્રવાસીએ પોતાની ટિકિટ ૬૦ દિવસ અગાઉ મેળવી લેવા આગ્રહભરી વિનંતી છે. પ્રવાસી પોતાની અનુકુળતા મુજબ જવા આયોજન કરી શકે તે માટે જ પત્રિકામાં પ્રવાસ કાર્યક્રમ, ઉપડવાનો પરત આવવાનો અમદાવાદથી દર્શાવવામાં આવેલ છે. રેલ્વેના નિયમ મુજબ રેલ્વે મુસાફરી દરમ્યાન ફોટો સાથેનો ઓરજીનલ પુરાવો સાથે રાખવો ફરજીયાત છે. રેલ્વે રીઝર્વેશનની મુસાફરી દરમ્યાન સંસ્થા તરફથી ચા-કોફી-નાસ્તો કે ભોજનની વ્યવસ્થા રહેશે નહીં. "તત્કાલ બુકીંગ" મુસાફરીની તારીખનાં ૧ દિવસ પહેલા (અગાઉ) મળશે અને વધારોનો ચાર્જ ચુકવવાનો રહેશે. તત્કાલ ટીકીટ મળવાની ખાત્રી નથી જેથી પ્રવાસીએ ઉંચા દરે એર ટીકીટ લેવી પડશે.

**એર વ્યવસ્થા (સ્વખર્ચે) :**

એર ટીકીટ ઈસ્યુ કરાવતા સમયે જે ટીકીટ ( પ્રિન્ટ રકમ ) છપાવીને આવશે તે પ્રવાસીએ માન્ય રાખવાની રહેશે. ● એર દ્વારા યોજલા પ્રવાસમાં પ્લેન ( ફલાઈટ ) મોડુ ( લેઈટ ) પડે કે કેન્સલ થાય તો તફાવતની રકમ રીફંડ રોકાણ ભોજન અંગે કંપનીની જવાબદારી રહેશે નહીં. ● એર ટીકીટ સાથેના પ્રવાસમાં કેન્સેલેસન/તારીખ ફેરફાર ના સંજોગોમાં ટીકીટના નાણાં રીફંડ મળશે નહી. ● કોઈપણ કારણસર પ્રવાસની તારીખમાં ફેરફાર થાય, રદ થાય કે પ્રવાસનું સીડ્યુલ ખોરવાઈ જાય તો તમારી રેલ્વે ટીકીટ, એર ટીકીટ ના નુકસાન અંગે કંપની જવાબદાર રહેશે નહીં. ખરાબ તબીયત, અવસાન કે કોઈ કારણસર પ્રવાસી જો અધ્ધ વચ્ચેથી પાછા છોડસે તો તેમને વળતર કે રીફંડ આપવામાં આવશે નહી. ● ડિસ્કાઉન્ટ વાળી સસ્તી એર ટીકીટ અને ગ્રુપ એર ટીકીટ નોનરીફંડેબલ અને નોન ચેન્જેબલ રહેશે. એક વખત નામનું બુકીંગ કરાવ્યા પછી તેમા તારીખ કે નામમાં ફેરફાર થઈ શકશે નહી, તેના કેન્શલેસનનાં નિયમો અવશ્ય સમજી લેવા.

**બુકીંગ વ્યવસ્થા :**

પ્રવાસ નોંધાવતી વખતે ( આઈ.ડી. પ્રુફી સાથે, ઝેરોક્ષ કોપી આપવી ) એક વ્યક્તિ દીઠ રૂા. ૫૦૦૦/- ( અંકે પાંચ હજાર ) નોન રીફંડટેબલ ડીપોઝીટ ભરવાની રહેશે. બહારગામના પ્રવાસીઓ તથા એજન્ટ દ્વારા બુકીંગ કરાવનાર પ્રવાસીઓએ જયરામ એન્ટરપ્રાઇજ ના નામનો અમદાવાદ બ્રાન્ચનો ડ્રાફ્ટ/ચેક/રોકડ થી જ રકમ મોકલવી, એજન્ટો દ્વારા બુકીંગ કરાવનાર પ્રવાસીઓના પ્રવાસની રકમની જવાબદારી પ્રવાસીની જ રહેશે.

**રહેઠાણ વ્યવસ્થા :**

હોટલ સારી-સ્ટાર વગરની રહેશે. હોટલમાં રૂમ એક સરખા હોતા નથી, હોટલમાં ૨ વ્યક્તિ દીઠ ૨ બેડનો ૧ રૂમ આપવામાં આવશે, ૨ બેડના એક રૂમમાં જો ૪ વ્યક્તિ અથવા ૨ બેડના એક રૂમમા ૩ વ્યક્તિ વચ્ચે રૂમ લેવામાં આવશે તો નીચે (ભોયતળીયે) એકજ એક્સ્ટ્રા મેટ્રેસ આપવામાં આવશે. **૧ રૂમમાં ૪ વ્યક્તિનું ફેમિલી (પ્રવાસી) રોકાશે તો રૂમમાં સંકડાશ પડશે જ એટલે એની ફરીયાદ કરશો નહિં.** ચેક-ઇન ચેક-આઉટ સમયે રૂમમાં પ્રવેશ અને તેમજ રૂમ ખાલી કરવાનો રહેશે. હોટલમાં કરેલ નુકશાની પ્રવાસીએ જાતે જ તે જ સ્થળે રોકડમાં ચુકવવાની રહેશે. સ્યુટરૂમ લેવા ઇચ્છતા પ્રવાસીએ ભાવની તફાવતની રકમ હોટલમાં રોકડમાં ચુકવવાની રહેશે. દરેક જગ્યાએ હોટલ સુવિધા એક સરખી હોતી નથી. ● દરેક હોટલમાં તેના મેનેજમેન્ટ દ્વારા તેમની પાસે ખાલી પડેલા રૂમોના લિસ્ટ મુજબ ફાળવણી કરવામાં આવતી હોય છે તેથી દરેક સ્થળોએ પ્રવાસી/ ગ્રુપના તમામ સભ્યોને એકસાથે, એક માળ ઉપર જ રૂમ ફાળવવા માટે આગ્રહ કે દબાણ કરવુ નહીં. ● સંજોગોવસાત જો કોઈ સ્થળે તમામ રૂમો એક જ હોટલમાં ઉપલબ્ધ ન હોય તો તેને સમકક્ષ અન્ય હોટલમાં રૂમ ફાળવવામાં આવશે. ● દરેક ને એક સરખા રૂમ મળશે નહિ. હોટલમાં ન્હાવા માટે ટુવાલ - સાબુ - શેમ્પુ અંગત જરૂરીયાતની પોતાની વસ્તુઓ વાપરવાની રહેશે. હોટલના નામ, સરનામું, ટેલીફોન નંબર પ્રવાસીઓને આપવામાં આવતા નથી. અચાનક ચાલુ પ્રવાસમાં હોટલના ફેરફારની શક્યતા રહેલ છે. **● ચેકઈન / ચેક આઉટ પહેલા રૂમની જરૂર હોય તેમને એક દિવસના હોટલ ભાડાની રકમ અલગથી ભરી દેવી. (બુકીંગ સમયે (વખતે) જણાવવું).**

**વાહન વ્યવસ્થા :**

પ્રવાસમાં પ્રવાસીઓએ નક્કી કરેલા પ્રવાસ દરમ્યાન વાહનમાં ફરજીયાત રોટેશન સિસ્ટમ પ્રમાણે (મુજબ) બેસવાનું રહેશે. વધારે કે ઓછા પ્રવાસીઓ માટે તેમની સંખ્યા મુજબ અન્ય પ્રવાસીઓ સાથે શેરીંગમાં નાનુ વાહન ફાળવવામાં આવશે, બસની ડેકી નાની હોવાથી ઓછો સામાન ( લગેજ ) લાવવો. વાહન પંક્ચર, બેકડાઉન, એસી નું બગાડવુ, ટેકનિકલ કે આકસ્મીક રાજકીય કારણોસર ક્યારેક થોડી જ ( સહજ ) મુશ્કેલી પડે તો તે અંગે કોઈ જ પણ રીફંડ આપવામાં આવશે નહીં, પ્રવાસના સ્થળોએ ( સાઇડ સીનમાં ) ફક્ત એક જ વખત ( વાર ) લઈ જવામાં આવશે. કોઈપણ સ્થળ બંધ હશે કે હડતાળ હશે તો ફરીથી લઈ જવામાં આવશે નહિ, પ્રવાસના રૂટ અને આઈટનરી સિવાય અન્ય કોઈપણ સ્થળે લઈ જવામાં આવશે નહિં. વાહન જ્યાં સુધી જશે ત્યાં સુધી લઈ જવામાં આવશે ત્યાંથી આગળના સ્થળે પ્રવાસીએ જાતે જ (સ્વખર્ચે) જવુ પડશે. વાહન કે હોટલમાં મુકેલી કિંમતી વસ્તુ જેવી કે મોબાઈલ, શોર્ટસર્કીટ થાય, કેમેરા, ઘરેણા અથવા અન્ય કિંમતી લગેજ ગુમ થાય, ભુલી જવાય, ખોવાઈ જાય તો તેની જવાબદારી પ્રવાસીની રહેશે. પ્રવાસમાં પ્રવાસીઓની સંખ્યા ઓછી હશે તો પ્રવાસીઓની સંખ્યા મુજબ વાહન વ્યવસ્થા કરવામાં આવશે. પ્રવાસીઓને લગેજ બસ ઉપર રહેશે. ચડાવવા ઉતારવાની વ્યવસ્થા કંપનીના માણસો દ્વારા થશે. રૂમ સુધી લઇ જવા અને લાવવાની જવાબદારી પ્રવાસીઓની પોતાની રહેશે. પહાડી રસ્તાની મુસાફરી દરમ્યાન પહાડ ચડતી વખતે એ.સી. બસમાં બંધ રાખવામાં આવશે. જેનું કોઈજપણ પ્રકારનું રીફંડ આપવામાં આવશે નહિં.

**ભોજન વ્યવસ્થા :**

પ્રવાસ દરમ્યાન સવારે ચા - કોફી - નાસ્તો અને બે સમયે સ્વાદિષ્ટ અને વૈવધિયપૂર્ણ (ફુલ) શુદ્ધ ગુજરાતી - શાકાહારી ભોજન આપવામાં આવશે. અમારું પોતાનું કેટરીંગ ( રસોડુ ) સાથે રહેશે. ભોજન વ્યવસ્થા બુફે રહેશે. મુસાફરી દરમ્યાન રસ્તામાં ઢાબા / મંદિર વગેરે જગ્યાએ બસ ઉભી રાખી જમવાનું બનાવવામાં આવશે. વૈષ્ણવ અને જૈન પ્રવાસીઓ માટે ભોજનની વ્યવસ્થા રહેશે ( સમયની અનુકુળતા મુજબ). ● હોટલમાં રોકાણ દરમ્યાન નાસ્તો / ભોજન વખતે હોટલના પાણીની વ્યવસ્થા રહેશે. જો પ્રવાસમાં પ્રવાસીઓની સંખ્યા ૨૦ કરતાં ઓછી હશે તો આજ પ્રવાસ કિંમતમાં ફક્ત હોટલમાં બ્રેકફાસ્ટ અને ડીનર ( સવારનો નાસ્તો - સાંજનું જમવાનું - હોટલ મેનુ મુજબ ) આપવામાં આવશે. જેનું કોઈજપણ પ્રકારનું રીફંડ આપવામાં આવશે નહિં. કોઇપણ પ્રકારની રૂમ સર્વિસ તેમજ એક્સ્ટ્રા સર્વિસ મળશે નહિ. મીનરલ વોટર( સ્વખર્ચે ) રહેશે.

**અંગત ખર્ચ :**

મીનરલ વોટર, વીમા પ્રીમીયમ, મેડીકલ ખર્ચ, જોવાલાયક સ્થળોની પ્રવેશ ફી, રાઇડીંગ, બોટીંગ, શિકારા, હાઉસ બોટ, સ્વિમિંગ, રોપ-વે, ટટ્ટુ, ડોલી, ઘોડા, કુલી, મજુરી, ગાઇડ, રૂમ હીટર, એરકંડીશન, ઓક્ટ્રોય, કસ્ટમ ડ્યુટી, રીક્ષા, સુમો વિગેરે વ્હીકલ ખર્ચ, લોન્ડ્રી, ગરમપાણી, ટુવાલ, સાબુ, શેમ્પુ, ટેલીફોન તેમજ મોબાઇલ ખર્ચનો સમાવેશ ટિકિટમાં કરેલ નથી.

**પ્રવાસમાં બુકીંગ રદ / કેન્સલ પોલીસી :**

તમામ પ્રવાસોનાં કેન્સલેશન માટે ટુર બુકીંગ કરાવનાર વ્યક્તિ તરફથી લેખિતમાં કેન્સલેશન માટેની અરજી મળ્યા બાદ જ પ્રવાસ કેન્સલ કરવામાં આવશે. તે સિવાય અન્ય કોઈ જવાબદારી કંપનીની રહેશે નહીં. પ્રવાસ ઉપડતા પહેલા ઓછી સંખ્યા તથા અનિવાર્ય સંજોગોમાં કંપની તરફથી પ્રવાસ પ્રોગ્રામ કેન્સલ કરવામાં આવશે, તો ભરેલાં નાણાં ઓફિસથી એકાઉન્ટ પે ચેકથી પરત કરવામાં આવશે. પ્રવાસી તરફથી પ્રવાસ બુકીંગ કેન્સલ કરવામાં આવશે તો જેનું કોઈજપણ પ્રકારનું રીફંડ આપવામાં આવશે નહિં.

● બુકીંગ રકમ નોન-રીફંડેબલ ● ૩૦ થી ૨૦ દિવસ પહેલા ૩૫% (પ્રવાસની ટોટલ રકમનાં) ● ૨૦ થી ૧૦ દિવસ પહેલા ૫૦% (પ્રવાસની ટોટલ રકમનાં) ● ૧૦ થી ૭ દિવસ પહેલા ૭૫% (પ્રવાસની ટોટલ રકમનાં) (૭ દિવસની અંદર) ૧૦૦% કેન્સલેશન લેવામાં આવશે. કેન્સલેશનની લેખિત જાણ તેના કારણ તથા પુરાવા સાથે કરવાની રહેશે.

**સામાન્ય માહિતી :**

પ્રવાસ રદ / કેન્સલ / મોકુફ કરવો / સીટ નંબર વગેરે વ્યવસ્થા ફેરફાર કરવાની સંપૂર્ણ સત્તા સંચાલકની રહેશે. પ્રવાસ ઉપાડવાની બાબતે ચોક્કસ તારીખ સમયમાં ફેરફાર અંગેની માહિતી બે દિવસ અગાઉ દરેક પ્રવાસીએ રૂબરૂમાં / ટેલીફોનથી ઓફિસ સમયમાં મેળવી લેવી. । પ્રવાસનો વિગતવાર કાર્યક્રમ પ્રવાસ ઉપડતા જ આપવામાં આવશે. કોઈ જ પણ કારણસર પ્રવાસનાં દિવસો વધશે. તો પ્રવાસીએ વ્યક્તિ દીઠ એક દિવસનાં રૂા. ૨૦૦૦/- મુજબનાં વધારાનાં નાણાં રોકડા, પ્રવાસમાં, ટુર મેનેજરશ્રીને આપવાનાં રહેશે. । કોઇપણ જાતના અકસ્માતમાં અમારા તરફથી રીફંડ કે વળતર મળશે નહિ. । પ્રવાસીઓએ પોતાના જોખમે જ પ્રવાસ કરવાનો રહેશે. । કુદરતી આફત, હાર્ટ એટક, અકસ્માત, રાજકીય ઘટના, લૂંટફાટ, ભાંગફોડ, ચોરી કે અન્ય કારણસર પ્રવાસના કાર્યક્રમમાં ફેરફાર કરવો પડે અથવા ઘટાડવો પડે અથવા રદ કરવો પડે તેવા સંજોગોમાં અમારી જવાબદારી રહેશે નહી તથા તેનું રીફંડ કે વળતર મળશે નહીં. । દરેક પ્રવાસીએ અકસ્માત, લગેજ - મોબાઈલ, કેમેરાનો વિમો જાતે લેવો જરૂરી છે. । પ્રવાસમાં જરૂરી ફેરફારો, હોટલમાં રૂમ ના મળે તેવા સંજોગોમાં વ્યવસ્થામાં ફેરફાર કરવાનો સંચાલક ને તેમજ ટુર મેનેજરને સંપૂર્ણ હક્ક રહેશે. । પ્રવાસ હોવાથી વહેલા - મોડા પહોંચવુ તેમજ જમવાનું મોડું થવાની શક્યતા રહેલ છે. । કોઇપણ કારણસર પ્રવાસ અટકશે તો ટ્રાન્સપોર્ટ / ટ્રેન / ડેઇલી સર્વિસ તથા બીજા વાહનથી પ્રવાસ પુરો કરાવવા પ્રયત્ન કરવામાં આવશે. અન્યથા સ્વેચ્છાએ પ્રવાસ છોડી જનાર તથા કેન્સલ કરનારે રીફંડ કે વળતર મળશે નહિ. । પ્રવાસમાંથી કોઇપણ કારણસર પરત આવનારને, અધુરા પ્રવાસનું એલ.ટી.સી. બીલ મળશે નહિ. પ્રવાસ સંચાલકમાં અવરોધ ઉભા કરનાર કે ઉશ્કેરણી જનક કે બિભત્સ વર્તન કરનાર, સમયસર ના આવનાર, પ્રતિબંધીત ચીજ વસ્તુ લાવનારને રસ્તામાં ઉતારી દેવામાં આવશે. । પ્રવાસએ સર્વિસનો ધંધો છે. તેમાં થર્ડ પાર્ટી આહિત શખ્સ તથા વિવિધ સંસ્થાઓની સેવાઓનો લાભ લેવામાં આવે છે. તેમાં અમારા કાબુ બહારના સંજોગોમાં અગવડતા પડવાની સંભાવના છે. । પ્રવાસ દરમ્યાન દરેક પ્રવાસીએ સહનશીલતા રાખવાની રહેશે. રોગ પીડીત કે માનસિક અસર થતી હોય તેવા કોમળ પ્રકૃતિવાળા પ્રવાસીઓએ પ્રવાસમાં સામેલ ના થવું. । પ્રવાસીઓએ સ્ટાફના માણસો સાથે સભ્યતા શિસ્ત પાલન, સંયમપૂર્વક વર્તન કરવાનું રહેશે. । **પ્રવાસ દરમ્યાન કોઇપણ તકલીફ માટે ટૂર મેનેજરને શાંતીથી જાણ કરવી, કોઇપણ ટૂર મેનેજરની ખરાબ વર્તણૂક કે શંકાસ્પદ પ્રવુતીની તાત્કાલીક જાણ અમને ઓફિસ ઉપર તેની હાજરીમાંજ કરવી જેથી તાત્કાલીક યોગ્ય વ્યવસ્થા થઈ શકે, પરંતુ પ્રવાસમાંથી પરત આવીને કરેલી ફરીયાદ અર્થહિન રહેશે.** । પ્રવાસીઓએ પ્રવાસ દરમ્યાન સ્ટાફની કોઇપણ વ્યક્તિ સાથે નાણાંકીય કે લેવડ દેવડ કરવી નહિ. તે અંગે અમારી કોઇ જવાબદારી રહેશે નહિ. । જે પ્રવાસીએ પ્રવાસ બુકીંગ કરાવી પ્રવાસમાં જવા માટે નાણાં જમા કરાવ્યા હશે, એજ નાણાં જમા કરાવનાર પ્રવાસી સાથે બુક કરાવેલ પ્રવાસ અંગે વાતચીત કરવામાં આવશે તેમના ફેમીલીના દરેક મેમ્બર ( પ્રવાસી ) તેમજ તેમના સગા - સંબંધી તથા મિત્રો જોડે કોઇ પ્રવાસ અંગે વાતચીત કરવામાં આવશે નહિ.

પ્રવાસીઓએ નીતિ - નિયમો અગવડતા વગેરે રૂબરૂ / મૌખિકમાં તથા વાંચી સમજીને વિગતવાર ખુલાસો મેળવવા બાદ અમારા નિયમોને બંધનકર્તા રહીને જ પ્રવાસમાં જવા બુકીંગ કરાવવાનું રહેશે. અમારા નિયમો સગવડતા અંગે કોઇપણ જાતનો વાંધો કે ગેરસમજ થતી હોય તો પહેલા ખુલાસો મેળવ્યા બાદ જ પ્રવાસીએ પ્રવાસ કરવાનો રહેશે. ત્યારબાદ કોઇપણ જાતની તકરાર દલીલ ચાલશે નહીં. પ્રવાસીઓ અમારા નીતિ - નિયમો પાળવા બંધાયેલા છે. પ્રવાસને અવિસ્મરણીય, આનંદદાયક, સફળ બનાવવા આપ સૌનો સાથ - સહકાર ઘણો જ જરૂરી છે. સમગ્ર ગુજરાતની અમારી ઓફિસ તથા એજન્ટે કરેલ બુકીંગનું ન્યાયક્ષેત્ર માત્ર ને માત્ર અમદાવાદ કોર્ટને આધીન જ રહેશે.

**ખાસ નોંધ :**

ભારતીય નાગરિકતાનો પુરાવો ઓરિજનલ અને ઝેરોક્ષ બંને ફરજીયાત સાથે રાખવાનો રહેશે. તે પુરાવા વગર કોઇપણ જગ્યાએ હોટલમાં રૂમ મળશે નહિ. એન.આર.આઇ. પ્રવાસીએ પાસપોર્ટની ઓરિજનલ અને ઝેરોક્ષ બંને સાથે રાખવાના રહેશે. બુકીંગ વખતે ૩ થી ૧૦ વર્ષનાં બાળકોનું જન્મ તારીખ વાળુ ફોટો આઇ.ડી. કાર્ડ આપવાનું રહેશે.

દરેક સ્થળે હોટલનો ચેક-ઇન બપોરે ૧૨.૦૦ પછીનો હોવાથી ત્યારબાદ જ રૂમ એલોટ કરવામાં આવશે. નક્કી કરેલ સમય અને તારીખ પહેલા આવી પહોંચેલા પ્રવાસીઓએ ચા-નાસ્તો ભોજન કે રોકાણની તમામ વ્યવસ્થા સ્વમેળે અને સ્વખર્ચે કરવાની રહેશે. કારણકે સિસ્ટમને રેલ્વે તથા એરલાઈન્સનાં શીડ્યુલ જોડે કોઈ જ લેવા દેવા નથી, તે ખાસ યાદ રાખવું. જે પ્રવાસીને એલ.ટી.સી. બીલ મેળવવાનું (લેવાનું) હોય તે પ્રવાસીએ પ્રવાસ બુક કરાવતા સમયે જ જણાવવાનું રહેશે. દરેક પ્રવાસીએ ટીકીટના દર ઉપર GST અલગથી આપવાનો રહેશે. ***ગુજરાત સરકાર માન્ય નથી.***

**પ્રવાસમાં સાથે રાખવુ :-**

**ગરમ કપડા સહિત જરૂરી કપડા, નાની મજબુત બેગ સાઈઝ 24" X 20" X 6",**
**રોજની ચીજવસ્તુઓ દવાઓ, ટુવાલ, સાબુ, રેલ્વે મુસાફરી માટે એર પીલ્લો અને ચાદર,**
**બેગની સલામતી માટે તાળુ અને સાંકળ સાથે રાખવી.**



# ચારધામ

## મે ૨૦૨૫ થી શરૂઆત

## ગ્રુપ પ્રસ્થાન ફિક્સ તારીખો

| GROUP 1 | | GROUP 2 | | GROUP 3 | |
|---|---|---|---|---|---|
| 7-May | Ahmedabad | 18-May | Ahmedabad | 29-May | Ahmedabad |
| 8-May | Haridwar | 19-May | Haridwar | 30-May | Haridwar |
| 9-May | Kharadi | 20-May | Kharadi | 31-May | Kharadi |
| 10-May | Kharadi | 21-May | Kharadi | 1-Jun | Kharadi |
| 11-May | Uttarkashi | 22-May | Uttarkashi | 2-Jun | Uttarkashi |
| 12-May | Uttarkashi | 23-May | Uttarkashi | 3-Jun | Uttarkashi |
| 13-May | Guptkashi | 24-May | Guptkashi | 4-Jun | Guptkashi |
| 14-May | Kedarnath | 25-May | Kedarnath | 5-Jun | Kedarnath |
| 15-May | Guptkashi | 26-May | Guptkashi | 6-Jun | Guptkashi |
| 16-May | Pipalkoti | 27-May | Pipalkoti | 7-Jun | Pipalkoti |
| 17-May | Pipalkoti | 28-May | Pipalkoti | 8-Jun | Pipalkoti |
| 18-May | Haridwar | 29-May | Haridwar | 9-Jun | Haridwar |
| 19-May | Return | 30-May | Return | 10-Jun | Return |

૫ અશ્વમેઘ કોમ્પ્લેક્સ, મીઠાખળી અંડર બ્રિજ પાસે, નવરંગપુરા, અમદાવાદ – ૩૮૦૦૦૯
ઓફિસ ☎ +૯૧ – ૭૯ – ૨૬૪૪૩૨૧૪ અથવા ✆ મોબાઇલ (ડાઇરેક્ટ) +૯૧ – ૯૮૯૮૩૯૩૨૨૧